# પર્યાવરણીય મિશન સ્ટેટમેન્ટ

અમે ધી કો–ઓપરેટિવ બેંક પર્યાવરણ અને સમાજ પરની અમારી પ્રવૃત્તિઓની વ્યાપક અસરને ધ્યાનમાં લઈને અમારા ધંધાનો વિકાસ ચાલુ રાખીશું. નાણાકીય જોગવાઈ અને બેંકની વ્યવસ્થા બાબતમાં સમજીવિચારીને અમે પસંદગી કરતા હોઈએ છીએ એટલે અમારી પ્રવૃત્તિઓની આડકતરી અસરો અમારી વ્યાપારની કાર્યવાહીની સીધી અસર કરતાં પર્યાવરણની દૃષ્ટિએ વધુ મહત્વની છે.

આમ છતાં, અમે સતત અમારી તમામ પ્રવૃતિઓનું મુલ્યાંકન કરતા રહેવાની અને નીચેના ચાર વૈજ્ઞાનિક સિદ્ધાંતોના આધારે પર્યાવરણીય સુધારાના કાર્યક્રમને અમલી બનાવવાની બાહેંધરી આપીએ છીએ :

:· પૃથ્વીના પડમાંથી નીકળેલો બગાડ સતત વધતો રહે તે સામે પ્રકૃતિ ટક્કર નથી લઈ શકતી

:· સમાજની નકામી વસ્તુ ખાસ કરીને કૃત્રિમ પદાર્થો જેનું બિનનુકસાનકર્તા ઘટકોમાં રૂપાંતરિત થઈ શકતું નથી તેના વધુ પડતા ઉપયોગ સામે પ્રકૃતિ ટક્કર નથી લઈ શકતી.

:· પ્રકૃતિનો ફળદ્રુપ વિસ્તાર, જેમાં ગુણવત્તા (વૈવિધ્ય) અને પ્રમાણ (કદ)માં ઘટાડો થવો ન જોઈએ અને વિકાસ માટે એને સક્ષમ બનાવવો જોઈએ.

:· સમાજે ઉર્જા અને સ્રોતોનો યોગ્ય સમાન અને અસરકારક રીતે જ ઉપયોગ કરવો જોઈએ.

અમે માનીએ છીએ કે આ સિદ્ધાંતોના અમલથી પર્યાવરણ માટે સારા પથનું નિર્માણ થશે. અને સહી શકાય તેવી આર્થિક પ્રવૃત્તિ દ્વારા સમાજ માટે ભવિષ્યમાં સમૃદ્ધિ સુનિશ્ચિત થશે.

ધી કો–ઓપરેટિવ બેંક ઉપરોક્ત માર્ગ પર એકલી જ નહિ ચાલે, પરંતુ એના બધા ભાગીદારોને પણ એમ કરવા પ્રોત્સાહિત કરશે.

આટલું સિદ્ધ કરવાનું અમારૂં લક્ષ્ય રહેશે :

### નાણાકીય સેવા

પોતાની પ્રવૃત્તિઓની પર્યાવરણીય અસર અંગે અમારા વ્યવસાયના ગ્રાહકોને વધુ સક્રિય બનવાનું પ્રોત્સાહન અને પર્યાવરણને વારંવાર નુકસાન ન થવા દે તેવી કંપનીઓ અને સંસ્થામાં મૂડી રોકાણ. (અમારી સદ્‌વર્તન નીતિમાં જણાવ્યા મુજબ).

### વ્યવસ્થા પદ્ધતિ

અમારી પર્યાવરણીય અસરોનું મુલ્યાંકન કરવું , અમારા માટે સ્પષ્ટ ધ્યેયો નક્કી કરવાં, કાર્યયોજના તૈયાર કરવી અને તેને કઈ રીતે પહોંચી વળવું તેની દેખરેખ રાખવી અને પરિણામો પ્રકાશિત કરવાં.

### ખરીદી અને સહયોગી કાર્ય

જેમની પ્રવૃત્તિઓ અમારી સદ્‌વર્તન નીતિ અને પર્યાવરણીય મિશન સ્ટેટમેન્ટ સાથે મેળ ખાતી હોય એવા સપ્લાયરોને આવકાર અને અમારો સંયુક્ત દેખાવ સુધારવા તેમની સાથે ભાગીદારીમાં કામ કરવું.

### સમર્થન

સીધી કે આડકતરી રીતે સમાજને સ્વીકારને યોગ્ય બનાવવામાં ફાળો આપે તેવા ધંધા અને સંસ્થાઓ સાથે ભાગીદારી વિકસાવવી અને પર્યાવરણીય યોજના માટે સહાય આપવી.

### કાયદો

પર્યાવરણીય કાયદા, આદેશો અને માર્ગદર્શિકાઓને વળગી રહીને સ્વીકારને યોગ્ય સમાજ માટે અમારા પોતાના ફાળામાં સતત સુધારો કરતા રહેવું.